अग्नि सूक्तम् १.१.

(S.Y.B.A. Sem. 3 CC – 201)

प्रा. हेमन्तः वैष्णवः
एसोसिएट प्रोफ़ेसर् , संस्कृतविभागः,

समर्पण विनयन एवं वाणिज्य महाविद्यालयः, गान्धिनगरम्

Online class Dt – 20/7/2020 Monday

ઋગ્વેદના પ્રથમ મંડળનું પ્રથમ સૂક્ત

ઋષિ – મધુચ્છંદા વિશ્વામિત્રનો પુત્ર

युगान्तेऽन्तर्हितान् वेदान् सेतिहासान् महर्षयः ।

लेभिरे तपसा पुर्वमनुज्ञाताः स्वयंभुवा ॥

દેવતા – અગ્નિ

જે તત્વની સ્તુતિ કરવામાં આવી હોય તે દેવતા. અહી અગ્નિ

છંદ – ગાયત્રી

વેદનો મુખ્ય છંદ

૮ – ૮ અક્ષરના ત્રણ ચરણ

સંહિતાપાઠ – (મંત્ર) ॐ अग्निमीळे पुरोहितं यज्ञस्य देवमृत्विजं । होतारं रत्नधातमम् ॥ १.१ ॥

પદપાઠ - ॐ अग्निम् । ईळे । पुरःऽहितम् । यज्ञस्य । देवम् । ऋत्विजम् । होतारम् । रत्नऽधातमम् ।

અનુવાદ – યજ્ઞના દેવ, પુરોહિત, ઋત્વિજ, હોતા, રત્નોને ધારણ કરનાર(દાતા) શ્રેષ્ઠ અગ્નિની હું સ્તુતિ કરું છું.

સંહિતાપાઠ (મંત્ર)
अग्निः पुर्वेभिऋषिभिरिड्यो नूतनैरुत । स देवाँ एह वक्षति ॥ १.२ ॥

પદપાઠ –
अग्निः । पुर्वेभिः । ऋषिऽभिः । ईड्यः । नूतनैः । उत ।
सः । देवान् । आ । इह । वक्षति ।

અનુવાદ –
પૂર્વેના અને નુતન ઋષીઓ વડે આ અગ્નિ સ્તુતિ કરવા યોગ્ય છે. તે દેવોને અહી લઇ આવે.

સંહિતાપાઠ (મંત્ર)
अग्निना रयिमश्नवत् पोषमेव दिवेदिवे | यशसं वीरवत्तमम् || १.३ ||

पदपाठ - अग्निना | रयिम् | अश्नवत् | पोषम् | एव | दिवेऽदिवे | यशसम् | वीरवत्ऽमम् |

અનુવાદ – તે (યજમાન) અગ્નિ દ્વારા દિવસે દિવસે પોષણ પામતું (વૃદ્ધિ પામતું) , યશવાળું અને અતિશય વીર પુત્રોવાળું ધન પ્રાપ્ત કરે છે.



સંહિતાપાઠ (મંત્ર)

अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरसि | स इद्देवेषु गच्छति || १.४ ||

પદપાઠ - अग्ने | यम् | यज्ञम् | अध्वरम् | विश्वतः | परिऽभूः | असि | सः | इत् | देवेषु | गच्छति |

અનુવાદ – હે અગ્નિ, જે યજ્ઞ અને અધ્વરને તમે ચારે તરફથી વીંટળાઈને રહેલા છો, તે જ યજ્ઞ દેવોની વચ્ચે પહોચે છે.

अध्वरम् यज्ञम्

उपासना

अध्वरम्

સંહિતાપાઠ - अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रस्तवस्तमः | देवो देवेभिरागमत् || १.५ ||

પદપાઠ - अग्निः | होता | कविऽक्रतुः | सत्यः | चित्रस्तवःऽस्तमः | देवः | देवेभिः | आगमत् |

અનુવાદ - હોતા, કવિના જ્ઞાનથી યુક્ત, સત્ય, વૈવિધ્ય યુક્ત, અતિશય કીર્તિવાળા એવા અગ્નિદેવ અહી દેવોની સાથે યજ્ઞમાં આવે.

મુખ્ય વાક્ય - अग्निः देवेभिः (सह) आगमत् | અગ્નિ અન્ય દેવતાઓ સાથે અહી યજ્ઞમાં આવે.

होता – अग्निर्वै देवानां होता | અગ્નિ દેવોના હોતા છે. ઐતરેય આરણ્યક

कविऽक्रतुः
કવિ =ક્રાન્તદ્રષ્ટા ક્રતુ- પ્રજ્ઞાવાન સર્વજ્ઞ પ્રતિભાશાળી દેવ

सत्यः
સત્ય સ્વરૂપ દેવ

चित्रस्तवःऽस्तमः
અતિશય વૈવિધ્યશાળી કીર્તિવાળો દેવ

સંહિતાપાઠ
यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि | तवेत्तत्सत्यमङ्गिरः ||१.६ ||

પદપાઠ - यत् | अङ्ग | दाशुषे | त्वम् | अग्ने | भद्रम् | करिष्यसि | तव | एतत् | सत्यम् | अङ्गिरः ||
અનુવાદ – અરે ! અગ્નિ ! તમે (હવિષ) આપનારને માટે જે કલ્યાણ કરો છો, તે હે અંગિરસ ! તમારું જ સત્ય છે.

અંગીરા જન્મ વૃત્તાંત
એકવાર પ્રજાપતિએ પ્રજાની
કામનાથી ત્રણ વર્ષનો યજ્ઞ કર્યો. તેમાં સાક્ષાત વાગ્દેવી આવિર્ભાવ પામ્યા. એમને જોઇને પ્રજાપતિ અને વરુણના વીર્યનું સ્ખલન થાય. વાયુએ એને અગ્નિમાં નાખ્યું. પરિણામે જ્વાળામાંથી ભૃગુ અને અંગારામાંથી અંગીરા ઋષિનો
જન્મ થયો.



પ્રા. ડૉ. હેમંત વૈષ્ણવ

સંહિતાપાઠ
उप त्वाग्ने दिवेदिवे दोषावस्तर्धिया वयम् | नमो भरन्त एमसि ||१.७ ||

- પદપાઠ - उप | त्वा | अग्ने | दिवेऽदिवे | दोषाऽवस्तः | धिया | वयम् | नमः | भरन्तः | आ | इमसि |
- અનુવાદ – હે રાત્રીને પ્રકાશિત કરનારા અગ્નિદેવ ! રોજેરોજ અમે બુધ્દ્ધિ પૂર્વક નમસ્કાર કરતાં કરતાં તારી પાસે આવીએ છીએ.

સંહિતાપાઠ
राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम् | वर्धमानं स्वे दमे || १.८ ||

- પદપાઠ - राजन्तम् | अध्वराणाम् | गोपाम् | ऋतस्य | दीदिविम् | वर्धमानम् | स्वे | दमे |
- અનુવાદ – અધ્વરોના શાસક, ઋતનાં રક્ષક, નિત્ય પ્રકાશમાન, પોતાના નિવાસસ્થાનમાં વૃધ્ધિ પામતા અમે તારી પાસે આવીએ.

- दीदिविम् –पुनःपुन्येन भृशं वा द्योतकं – सायणाचार्यः – વારંવાર પ્રકાશિત થાય છે
- स्वे दमे – स्वकीये गृहे | પોતાના ઘરમાં (અગ્નિનું ઘર કયું ?)
- ऋतस्य गोपाम् – सत्यस्यवश्यम्भाविनः कर्मफ़लस्य | સત્ય તત્વનું રક્ષક
- वर्धमानम् – यज्ञशालायां | સતત વૃધ્ધિ પામતો અગ્નિ

સંહિતાપાઠ
स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव | सचस्वा नः | स्वस्तये ||१.९ ||

- પદપાઠ -सः | नः | पिताऽइव | सूनवे | अग्ने | सूऽउपायनः | भव | सचस्व | नः | स्वस्तये |
- અનુવાદ – હે અગ્નિદેવ ! જેમ પિતા પુત્રને માટે તેમ તું અમારા માટે સહેલાઈથી નજીક જી શકાય તેવા બનો. અમારા કલ્યાણ માટે અમારી સાથે રહો.
- सू + उपायनः – સુંદર ઉપલબ્ધિઓ વાળો.
- सूनवे – सुनु = पुत्र (માટે) सुप्राप्य भव | બાળકને પિતા સહેલાઈથી મળે એમ.
- सचस्व – સમવેત (સમાન ભાવવાળો)
- स्वस्तये – विनाशराहित्य – વિનાશ નાં પામે તેવું (કલ્યાણ)